
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧. પ્રાર્થના ... ... ( છોટમ અ. ત્રિવેદી ) ... ... ૧૯૫
૨. જગતકર્ત્તા વિષે વિવિધ મતોનું પદ્ય ( મુનિ રંગવિજય ) .. ૧૯૬
૩. શ્રી રૂષભ પંચાશિકા સભાવાર્થ (ડૉ ભગવાનદાસ) ... ... ૧૯૭
૪. સમ્યગ્ જ્ઞાનની કુંચી. (પરમાત્માનું સ્વરૂપ) (અનુવાદ) ... ૨૦૦
૫. अर्हन्तो भगवंत इन्द्रमहिताः પદ્યના કર્તા કોણ ? ( મુનિશ્રી હિમાંશુવિજયજી ) ૨૦૨
૬. વીરધર્મ પ્રાપ્ત કરવાની કળા–કુનેહ–ડાહપણ ( સ. ક. વિ. ) ... ૨૦૪
૭. આત્મ કલ્યાણ સાધન ( અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ B. A. ) ... ૨૦૭
૮. આત્માની શોધ ... ( શ્રી મોહનલાલ ડી. ચોકસી ) ... ... ૧૯૦
૯. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ૧૯૪
૧૦. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ૧૯૫



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ બે થી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, શુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. चैत्र. आत्म सं. ४१. { अंक ९ मो.

## " પ્રાર્થના "

— ગીતિ —

જૈન નાયક ! ગુણવંતા ! યશવંતા ! હે દયાવંત દેવા !
પ્રથમ નમું હું તમને, કરો સ્હાય શ્રી મહાવીર ગરવા !

વસંતતિલકા-છંદ

આરંભતાં પ્રથમ હું પડું તું જ પાય,
નંદ સિદ્ધાર્થ ! જૈનરાય ! થજો સ્હાય;
મ્હારી સ્વીકાર કરજો ! મનની સુ-સેવા,
પ્રીતે નમું તમ પદે મહાવીર ! દેવા૦

— : અસ્તુ : —

" છોટમ " અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગત્કર્તા વિષે વિવિધમતોનું પદ્ય.

( અબધુ સો જોગી ગુરૂ મેરા—એ ચાલ૦ )

સૃષ્ટિ કબ કીસીને બનાઇ, સંતો કબ કીસીને બનાઈ
વાકીખોજ કિસીને ન પાઈ, સૃષ્ટિ કબ કીને બનાઇ
વેદપુરાણ કુરાણ વૈબલમા, ભિન્નભિન્ન કરગાઈ
એકએક સબભિન્ન કહતહૈ, મિલત નમેલી નમિલાઈ. ૧
ઋગવેદક ઐતરીય આરાણ્યમે, અતમસે ઉપજાઈ. વા.
યજુર્વેદકા ખોલક દેખા, વિરાટ્ પુરૂષે પસરાઇ. વા. ૨
મંડૂક ઉપનિષદ્ કહતહૈ, મકડીજાલકે ન્યાઇ.
કુર્મપુરાણે ત્વચારી જોતાં, નારાયણ મૂલનિપાઈ. વા. ૩.
મનુસ્મૃતિકે પાહલે અધ્યાયે સમમાત્ર બતલાઇ.
વાંહાંસે પ્રગટે સ્વયંભૂસ્વામી, તાતેતિમિર મિટાઈ વા. ૪.
કોઇ કહે કાલિકી શક્તિ, વાકી ન્યારી ન્યારી ચતુરાઇ.
લીંગપુરાણે શિવજી કે વદનસે વિષ્ણુ બ્રહ્માદિ કહાઈ. વા. ૫.
બ્રહ્મવિવર્ત પુરાણેયું બોલે, એ તો કૃષ્ણકી ચતુરાઇ,
ભિતર ભેદકા પારનપાવે, કયા ફિતુરી કરે ફિતુરાઇ. વા. ૬.
વેદકા પણ કોઇ ભેદ ન પાવે, કયા કરે ગડમથલાઈ.
મારગ છોડ ઉન્મારગ જાકે, કેવલ ધુમ મચાઇ. વા. ૭.
મતમમતાકો છોડ કે દેખો, કોઈ પુરૂષ અતિસાઇ.
પુછપાછ કરભિત્તર ખોજો પીછે આતમકા જસ ધાઈ. વા. ૮.
ગુરૂકૃપાસે સૃષ્ટિ સંબંધકા કિંચિત્ ભેદકો પાઇ,
અમર કહેહમ અમર ભયેહે અંતર ભરમ ગમાઈ. વા. ૯.

સંગ્રાહકઃ—

મુનિ રંગવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિશ્રી ધનપાલપ્રણીત—

# ૠષભ પંચાશિકા.

## સમશ્લોકી ભાષાંતર ( સભાવાર્થ )

( ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ )

### જિનચરણં જનશરણં ગા. ૨૮.

### આર્યા.

**કષાય-ચોર જ્યાં એવા, ભવવનમહીં ભયભીત ભૂતોને;**
**તુજ ચરણો જ શરણ છે, અસિ ચક્ર રેખ જ્યાં પાસ સદા. ૨૮.**

જ્યાં કષાયરૂપ મોટા ચોર-લુંટારા છે એવા સંસારવનમાં ભયભીત પ્રાણીઓને હારા ચરણ જ શરણ છે, કે જેમાં અસિ-ચક્ર-ધનુષ્યની રેખા સદા સન્નિધાનમાં છે.

આ સંસારને અરણ્યનું રૂપક આપ્યું છે. જેમ ગાઢ અને વિકટ અટવી ઉલ્લંઘવી દુષ્કર છે, તેમ સંસારઅટવીનો પાર પામવો દુષ્કર છે; કારણ કે તે વિકટ છે એટલું જ નહિં પણ તેમાં કષાયરૂપ મોટા ધાડપાડુઓ છે, અને તે આત્માનું જ્ઞાનાદિ દ્રવ્ય લુંટી લ્યે છે. આમ આ સંસાર-વન ત્યાંથી પસાર થનાર જીવ-પથિકોને મહાભયનું કારણ થાય છે. આવા ભયંકર વનમાંથી પાર ઉતરવું હોય તો આયુધબદ્ધ સમર્થ રખેવાળનું શરણ જોઈએ. સંસારી જીવને આવું શરણ તો ભગવાનના ચરણ જ છે.

“ ધિંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ. ”

**શ્રીમાન્-આનંદઘનજી.**

તે ચરણમાં તલવાર-ચક્ર-ધનુષ્ય આદિ ઉત્તમ પુરુષના લક્ષણ સૂચવનારી રેખા સદા સન્નિધાનમાં છે, એટલે જાણે કષાય ચોર તેનાથી ડરે છે, એમ કવિ ઉત્પ્રેક્ષે છે.

તાત્પર્ય કે વીતરાગદેવના ચરણકમલનું જે શરણ ગ્રહે છે તેને કષાય-તસ્કર કનડતા નથી, અને તેઓ નિર્ભયપણે સુગમતાથી ભવાટવી ઉલ્લંઘી જઇ મુક્તિનગરીએ પહોંચી જાય છે.

“ મહાભયંકર ભવ અટવીમાં, ઘોર મોહ અંધાર;
આશ્રવરૂપી મેઘવૃષ્ટિ ત્યાં, વર્ષે મુશળધાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મદ્રવ્યને લુંટી રહ્યા છે, કષાય મોટા ચોર;
વિષય વ્યાલ ને સ્મર શાર્દૂલના, સુણાય શોરબકોર.
જીવપથિક ત્યાં ભૂલો પડીને, ગોથાં નિશદિન ખાય;
ભ્રષ્ટ થઇ સન્માર્ગથકી તે, ઉન્માર્ગે વહી જાય. ”

## શાસનભ્રષ્ટની દુર્દશા ગાથા ૨૯-૩૦.

**તુજ સમય-સરથી ભ્રષ્ટ, થઇ સર્વ વૃક્ષજાતિમાં ભમતાં;**
**સારણિ જલ જ્યમ જીવો, સ્થાન સ્થાન બંધાઇ જતાં. ૨૯.**

ત્હારા સમયરૂપ (શાસનરૂપ) સરોવરથી ભ્રષ્ટ થયેલા જીવો, નીકના પાણીની જેમ સ્થાને સ્થાને બંધાતા જઇ, સર્વ વૃક્ષજાતિઓમાં ભમે છે.

અહીં જિનશાસનને સરોવરનું **રૂપક** આપ્યું છે. આ સરોવરમાંથી જે જીવો ભ્રષ્ટ થાય તે નીકના પાણીની જેમ ઠેકાણે ઠેકાણે બંધાતા જઈ, વિવિધ વૃક્ષજાતિઓમાં ભમે છે. આ રૂપક બહુ મનન કરવા યોગ્ય છે. સરોવરમાંથી પાણી નીકમાં આવે છે, ત્યારપછી તે જુદા જુદા વૃક્ષોને પાણી પૂરું પાડે છે અને ઠેકાણે ઠેકાણે વૃક્ષની આસપાસ કયારારૂપે બંધાતું જાય છે; તે જ પ્રકારે શાસનભ્રષ્ટ જીવો ઠેકાણે ઠેકાણે કર્મરૂપ બંધનથી બંધાતા જાય છે, અને વિવિધ વૃક્ષજાતિઓમાં ભમે છે, એટલે કે વનસ્પતી આદિ એકેંદ્રિયમાં જન્મમરણપરંપરા કરે છે.

શાસનભ્રષ્ટ કોણ ગણાય? તે વિચારવા યોગ્ય છે. જે જિનાજ્ઞાથી વિપરીતપણે વર્ત્તે તે. ‘ શાસન શાસન ’ એમ શબ્દમાત્ર બોલી શાસનભક્ત હોવાનો દંભ કરનાર જો ભાવથી જિનાજ્ઞાવિરાધક હોય તો તે શાસનભ્રષ્ટ જ કહી શકાય. ‘ જૈન ’ નામ ધરાવે, પણ જિનના અનુયાયીમાં હોવા યોગ્ય જૈનત્વના લક્ષણ **આત્મામાં ન પરિણમ્યા હોય** તો પરમાર્થથી ‘જૈન’ ન ગણાય, જિનશાસનથી બાહ્ય ગણાય; કારણ કે સર્વત્ર ભાવનું જ પ્રાધાન્ય છે. આ અંગે શ્રી ઉપમિતિકારે સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે ભારપૂર્વક પોકારીને કહ્યું છેઃ–

**“ भावग्राह्यं हीदं भागवतशासनभवनं, नात्र बहिश्छायया प्रविष्टः परमार्थतः प्रविष्टो भवतीत विज्ञेयम् ॥ ”**

“ આ ભગવંતનું શાસનભવન ભાવથી ગ્રહણ કરવા યોગ્ય છે; અત્રે બાહ્ય છાયાથી પ્રવિષ્ટ થયેલો પરમાર્થથી પ્રવિષ્ટ થયો નથી એમ જાણવું. ”

**શ્રી. ઉપ. ભ. ક. પ્ર. ૧.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" यस्मात्क्रियाः प्रतिफलंति न भावशून्याः । "

—શ્રી કલ્યાણમંદિર.

**જલ જયમ પ્રવચન ત્હારું, ગૃહતાં ઊંચે, મૂકતાં નીચે;**
**નાથ ! જાય છે જીવો, અરઘટઘટ્ટી સમા નિશ્ચે. ૩૦**

હે નાથ ! અરઘટઘટ્ટી ( કુવાના રેંટ ) જેવા જીવો, જલની જેમ ત્હારું પ્રવચન ગ્રહણ કરતાં ઊંચે જાય છે, અને મૂકી દેતાં નીચે જાય છે.

અત્રે જીવોને અરઘટઘટ્ટી એટલે કે કુવાના રેંટની **ઉપમા** આપી છે. કુવાના રેંટના ઘડામાં જ્યારે પાણી ભરાય છે ત્યારે ઊર્ધ્વ-ઊંચે આવે છે, અને પાણી ખાલી થાય છે ત્યારે અધો-નીચે જાય છે. તે જ પ્રમાણે જ્યારે જીવો જિનપ્રવચનરૂપ જલ ગ્રહણ કરે છે, ત્યારે તે ઊંચા આવે છે ઊર્ધ્વગમન કરે છે, એટલે કે સ્વર્ગ-અપવર્ગરૂપ ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરે છે; પણ જ્યારે તે જિનપ્રવચનરૂપ જલનો ત્યાગ કરે છે ત્યારે અધોગમન કરે છે, નીચે જાય છે, અર્થાત્ નરક-તિર્યંચઆદિ અધોગતિને પામે છે. તાત્પર્ય કે જે જિનપ્રવચન પાલે છે તેની ઊર્ધ્વગતિ થાય છે, અને છોડી દે છે તેની અધોગતિ થાય છે. કવિએ કેવી ખૂબીથી આ ભાવ પ્રદર્શિત કર્યો છે ? તે બહુ મનન કરવા યોગ્ય છે.

આ ઊર્ધ્વગમન અને અધોગમનનું વૈજ્ઞાનિક કારણ આ પ્રમાણે ઘટાવી શકાયઃ—

ઊર્ધ્વગમન એ આત્માનો સ્વભાવ છે, પરંતુ કર્મપટલના ગુરુત્વાકર્ષણથી તે અધોગમન કરે છે, એટલે જીવનું સ્વાભાવિક ઊર્ધ્વગમન થાય છે, પણ જ્યારે જિનપ્રવચન મૂકી દે છે ત્યારે કર્મનો ભાર વધી પડતાં અધોગમન થાય છે.

" કર્મ કટે સો જિન બચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ. "

—શ્રીમદ્ રાજચંદ્ર.

લે૦ રા. **મનોનંદન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે ? )

( ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ )

સુખ એ આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. જો દુઃખ આત્માનું નૈસર્ગિક સ્વરૂપ હોય તો પરમ સુખની વૃત્તિનો ઉદ્ભવ અશક્ય થઇ પડે. મનુષ્ય આદિને જે વિવિધ પ્રકારનાં દુઃખ થાય છે તે સર્વ બાહ્ય કારણોને લીધે આવે છે. એ દુઃખોનો પણ વહેલોમોડો અંત અવશ્ય આવે છે. આત્માની સ્વભાવ દશાને અનુરૂપ કાર્યોથી સુખ થાય છે. વિભાવ દશામાં રાચવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે. સુખ-દુઃખનો અનુભવ આત્મા પોતે જ કરે છે. આત્માને આ રીતે અવારનવાર જે આનંદ અને દુઃખ થયા કરે છે તે પ્રાયઃ ક્ષણિક હોય છે. એ આનંદ કે દુઃખ ઘણું કરીને ચિરસ્થાયી હોતાં નથી. સંસારમાં જે ક્ષણિક આનંદ મળે છે તે પણ પ્રાયઃ દુઃખજન્ય હોય છે. એ આનંદ કેટલીક વાર કષ્ટસાધ્ય પણ થાય છે. એ આનંદને પરિણામે સામાન્ય રીતે દુઃખનો અનુભવ થાય છે. તાત્પર્ય એ કે, સંસારનો ક્ષણિક આનંદ દુઃખનાં પરિણામરૂપ પણ છે અને દુઃખનું કારણ પણ છે. સંસારના આનંદ-ઇંદ્રિયજનિત સુખોના કૃત્રિમ આનંદથી એ કૃત્રિમ આનંદની પ્રાપ્તિ માટે ઉત્કટ અભિલાષા થાય છે એ અભિલાષાનું કોઇ કાળે શાંત્વન થઈ શકતું નથી. ઇંદ્રિયસુખના વિશેષ ઉપભોગથી ઇંદ્રિયો દુર્બલ બને છે એટલે પણ દુઃખ થાય છે. આ રીતે ઇંદ્રિયજનિત સુખોમાં તત્ત્વતઃ કંઈ પણ સુખ નથી. સંસારના આનંદમાં જેઓ સુખ માને છે તેમની પામર મનોદશા ખરેખર અનુકંપનીય છે.

ખરું સુખ તો આત્મામાં જ રહેલું છે. કોઈ પણ આત્મા યથાર્થ પ્રયત્નથી એ સુખ પ્રાપ્ત કરી શકે. પરમ સુખ એ આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. આત્મનું યથાર્થ સ્વરૂપ ન જાણનારા અજ્ઞાની જીવો દુખમાં નિમગ્ન રહે છે. આત્માની શુદ્ધ દશામાં રમણ કરનાર પ્રત્યેક આત્માને પરમસુખની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

સુખ એ આત્મા-પરમાત્માનો નૈસર્ગિક ગુણ છે. સુખ એ આત્માનો સ્વભાવ છે. આથી સુખ અને આનંદ એ બન્નેનો ભેદ યથાર્થ રીતે સમજવાની જરૂર છે. કૃત્રિમ આનંદ અને સ્વતંત્ર આનંદ એમ આનંદના બે પ્રકાર છે. ઇંદ્રિયજનિત આનંદ એ કૃત્રિમ આનંદ છે. જે તે ઇંદ્રિય અમુક વસ્તુ કે ઘટનાને અંગે પોતાનું કાર્ય કરતી હોય ત્યાં સુધી જ ઇંદ્રિયજનિત આનંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યમાન રહે છે. ઈંદ્રિયનું કાર્ય પૂરું થતાં આનંદ પણ પૂરો થાય છે. દા. ત. મધુર અવાજનું શ્રવણ. મધુર અવાજનું શ્રવણ જ્યાં સુધી કર્ણેન્દ્રિયથી થયા કરે છે ત્યાં સુધી જીવને આનંદ રહે છે. શ્રવણ બંધ પડતાં આનંદની સમાપ્તિ થાય છે. સંપૂર્ણ આનંદ અને ક્ષણિક આનંદ વચ્ચેની સ્થિતિ એ એક પ્રકારનો સ્વતંત્ર આનંદ છે. સ્વતંત્ર આનંદમાં ગૌરવ છે, એક પ્રકારની વિજયની ભાવના છે.

પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને જે આનંદ થાય છે તે સ્વતંત્ર આનંદ છે. આ આનંદ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાના સમાચારથી ઉત્પન્ન નથી થતો; એ આનંદ તો વિજયની લાગણી(ભાવ)નાં પરિણામ રૂપ છે. વિજયનો ભાવ સમાચારની સત્યતાથી ઉત્પન્ન થાય છે. જો પરીક્ષામાં ઉત્તીર્ણ થવાના સમાચાર અસત્ય હોય તો આનંદનું સ્ફુરણ નથી થતું, સ્વતંત્ર આનંદ આ પ્રમાણે એક પ્રકારની શ્રદ્ધાથી પરિણમે છે. ક્ષણિક આનંદ શ્રદ્ધાથી ઉત્પન્ન નથી થતો. ક્ષણિક આનંદમાં કોઈ પ્રકારનો વિશિષ્ટ ભાવ પ્રદીપ્ત થતો નથી. પરીક્ષામાં વિજય એમાં કોઇ ચિરસ્થાયી વસ્તુની સાધના લાગતી હોવાથી, વિદ્યાર્થીને સ્વતંત્ર આનંદ થાય છે. એક પરીક્ષાનું બંધન ઓછું થયું એવા વિચારથી ચિત્તમાં આનંદ સ્ફુરે છે. આ પ્રમાણે આત્માને બંધનરૂપ કોઈ જંજીરનો વિભેદ થતાં કે કોઇ ચિરસ્થાયી ઇષ્ટ ફલની પ્રાપ્તિ થતાં મનુષ્યને સ્વતંત્ર આનંદનો અનુભવ થાય છે. ક્ષણિક આનંદમાં સ્વતંત્રતા ન હોય. ક્ષણિક આનંદ અને સ્વતંત્ર આનંદ એ બેમાં સ્વતંત્ર આનંદ સર્વથા ઇચ્છનીય છે. ક્ષણિક આનંદ અનેક રીતે મર્યાદિત પણ છે.

વિજયી સેનાપતિ, પ્રિયાનો પ્રેમ સંપાદન કરનાર પ્રેમી અને વિપુલ ધનની પ્રાપ્તિ કરનાર વ્યાપારી એ સર્વનો આનંદ એક સરખો જ છે. દરેકને પોતાના વિજય માટે આનંદ થાય છે. વિજયથી સાધ્ય થયેલી વસ્તુની પુનઃ પ્રાપ્તિની અનાવશ્યકતાની નિરતિશય શ્રદ્ધાને કારણે, દરેકને આનંદનું સ્ફુરણ થાય છે. ભાવિ કષ્ટો અને પ્રયત્નોથી મુક્તિનો ભાવ આ પ્રમાણે આનંદના તાત્કાલિક અને પ્રત્યક્ષ કારણરૂપ છે.

સંસાર એક મહાન્ શાળા છે. સંસારના મનુષ્યો વિદ્યાર્થીઓ છે. સંસારના મનુષ્યોને અનેક પરીક્ષાઓમાંથી ઉત્તીર્ણ થવાનું છે. આથી જે તે પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં મનુષ્યને કોઇ બંધનથી મુક્ત થવાના ખ્યાલથી આનંદ થાય છે. વિદ્યાર્થીને બધો અભ્યાસ પૂરો થતાં પુસ્તકોની જરૂર રહેતી નથી, તે જ પ્રમાણે સંસારના વિદ્યાર્થીરૂપ મનુષ્યને બધી કસોટીઓ પૂરી થતાં વિવેક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " अर्हन्तो भगवन्त इन्द्रमहिताः "
# पद्यना कर्त्ता कोण ?

मुनिश्री हिमांशुविजयजी

ઘણાંખરાં પદ્યો કે ગ્રંથોની ઉત્પત્તિ કોઈ ખાસ પ્રસંગો ઉપર થએલી હોય છે, તેથી તેવા કાવ્યોમાં શબ્દ અને અર્થ બન્નેની આકર્ષકતા પ્રાય કરીને સારી હોય છે, તેમ તેની પ્રસિદ્ધિ પણ લાંબા ક્ષેત્ર–કાલ સુધી થાય છે. આપણામાં ''अर्हन्तो भगवन्त इन्द्रमहिताः...।।" એ પદ્ય ઘણા સાધુ–શ્રાવક, પુરુષ–સ્ત્રીને આવડે છે, ને નવી પ્રજા તે કંઠસ્થ કરી મંદિરમાં દર્શન સ્તુતિ પ્રસંગે બોલે છે. આ પદ્યમાં સરલતા બહુ છે અને પંચ પરમેષ્ઠીની તેમના ગુણોની સાથે સ્તુતિ છે, તે પણ તેની પ્રસિદ્ધિનું કારણ છે, પણ આના કર્ત્તા કોણ છે ? તે લોકોને ખબર નથી. આ કાવ્યની ઉત્પત્તિ ખાસ પ્રસંગને લઇને ચૌદમી સદીમાં **અણુહલિપુર 'પાટણ'** માં જિનપદ્મસૂરિથી થઈ છે; તે આ પ્રમાણે છેઃ—

* ખરતરગચ્છની એકાવનમી પાટે—શ્રીજિનપદ્મસૂરિજી થયા છે, જેનનો **'નંદીમહોત્સવ'** વિ. સં. ૧૩૮૯નાં જેઠ સુદી ૬ થયો હતો. તેઓ એક દીવસ

---

બુદ્ધિની જરૂર રહેતી નથી. આથી વિદ્યાર્થી જેમ અભ્યાસને અંતે પુસ્તકોને તિલાંજલી આપે છે તેમ સંસારી મનુષ્ય સંસારની પરીક્ષાઓ પૂરી કર્યાં બાદ વિવેકબુદ્ધિનો પરિત્યાગ કરે છે. વિદ્યાર્થી અભ્યાસ પૂરો થતાં શાળા છોડે છે તેમ સંસારી સર્વ પરીક્ષાઓ સફળતાથી પૂરી થતાં દુનિયારૂપી મહાન્ શાળાનો પરિત્યાગ કરે છે. —(ચાલુ)

---

* तत्पट्टे एकपञ्चाशत्तमो जिनपद्मसूरिस्तस्य च छाजहडवंशविभूषणस्य सं० १३८९ ज्येष्ठ सुदि षष्ठया श्रीदेराउरपुरे ( सिंध देशमां ) साहहरपालेन नन्दि-महोत्सवः कृतः। तदा तरुणप्रभाचार्यैः सूरिमन्त्रो दत्तः । अथैकदा श्रीगुरुभि-**र्बाहडमेरुनगरे** ( બાહડમેર ) श्रीवीरप्रासादे देववन्दनार्थं आजुग्मे तदा देवगृहस्य **लघुद्वारं** महतीं च प्रतिमां विलोक्य पंजाबदेशोत्पन्नत्वात् तद्देशभाषया प्रोक्तं—बुहा नंढा वसही वड्डी अंदर क्युं माणीति ? अर्धदग्वचनैः प्रकटितबालभावं श्रीगुरुं प्रति पार्श्वस्थितेन विवेकसमुद्रोपाध्यायेन 'मौनं कुरु' इति प्रोक्तं ततो व्याख्यानादिस्थितिं प्रवर्त्तयता तेनोपाध्यायेन सार्धं श्रीगुरुवो गूर्जरदेशे आगताः। तत्र **पाटण**पार्श्वे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



***બાહડમેરુ**ના વીરપ્રાસાદ (મહાવીરસ્વામીના મંદિરમાં) આવ્યા. ત્યાં મૂલમૂર્તિ બહુ જ મોટી હતી, અને મંદિરનું દ્વાર નાનું હતું. તે જોઇ **જિનપદ્મસૂરિ પંજાબી હોઇ** કરી પોતાની ભાષામાં બોલ્યા કે '**बुड्डा नंढा वसही वड्डी अयर क्युं माणि ?**' આનો મતલબ એ થયો કે દરવાજો તો નાનો છે અને મુર્તિ મોટી છે, તો આમાં કેમ આવી હશે, પંજાબી ભાષાના ઉચ્ચારથી લોકોમાં તેમની હાંસી થવાના કારણે વિવેકસમુદ્રોપાધ્યાયે જિનપદ્મસૂરિને મૌન રહેવા સૂચવ્યું. તેથી તેમને ખોટું લાગ્યું. તેઓ ત્યાંથી ગુજરાતમાં પાટણ આવ્યા. શુદ્ધ ભાષામાં વ્યાખ્યાન કરવાની શક્તિ નથી એથી તેમના મનને ચિંતા થતી હતી. સરસ્વતિ ધ્યાનથી તે સરસ્વતી એ જિનપદ્મસૂરિની સામે પ્રત્યક્ષ થઇ વ્યાખ્યાન માટે વરદાન આપ્યું. સવારે તેમણે કહ્યું કે આજે તો હું વ્યાખ્યાન કરીશ. બીજા સાધુઓ મશ્કરી કરવા લાગ્યા. લોકોમાં (બાહડમેરની જેમ) યદ્વા તદ્વા (પંજાબી) બોલવાથી હાંસી થશે એવો ભય તેમને બતાવવામાં આવ્યો. જિનપદ્મસુરિએ કહ્યું કે ગુરુકૃપાથી સારૂં થશે. એમ કહી પાટણના ઉપાશ્રયની પાટ ઊપર તેઓ વ્યાખ્યાન આપવા બેઠા. બધાયને કૌતુક હતું કે આજે કેવું વ્યાખ્યાન કરશે? સરસ્વતીના સ્મરણથી જિનપદ્મસૂરિએ તેજ વેળાએ નવીન સ્ફુર્તિથી '**अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः.........**' આવા પદ્યથી મંગલાચરણ કરી સુંદર છટાથી વ્યાખ્યાન કર્યું. સભાને પોતાની કુશલતાથી મંત્રમુગ્ધ કરી નાંખી. જેને બધાય જડ–મુર્ખ સમજતા હોય તે પણ પોતાના પુરુષાર્થથી કેટલી સફળતા મેળવી શકે? દરેક મનુષ્ય આશાવાદી થઇ પોતાની શક્તિને વધારે તો વિજયી થઇ શકે છે.

---

**सरस्वतीनदीतटे** रात्रौ स्थिताः। परं तदानीं गुरुचेतसि इयं चिंता समुत्पन्ना। प्रभाते संघाग्रे अनया भाषया कथं व्याख्यानं करिष्ये ? अथैवं चिन्तयतां गुरूणां भाग्येनार्धरात्रिसमये सरस्वती नद्यधिष्ठात्री सरस्वती देवी प्रादूर्भूय इत्थं वरंदत्तवती:— भोः स्वामिन् ! त्वं संघाग्रे यत् किमपि वक्ष्यति तद्वचः सकलजन मनोहारि भविष्यति। ततः प्रभाते संघाग्रे श्रीगुरुभि, स्वयमेव '**अर्हन्तो भगवन्त इन्द्रमहिताः** इत्यादि' नवीनोत्पादित काव्येनोपदेशो दत्तः। क्षमाकल्याणकनी पट्टावली पृ. १२

* આ 'બાહડમેર' માલાની પરગનામાં સિંધના નાકા ઉપર હતું, પહેલાં તે મોટું શહેર હતું. અત્યારે તે નાનું થઇ ગયું છે. જસાઇ સ્ટેશનથી તેત્રીસ માઇલ દૂર છે. તેને જિના કહે છે. બાહડમેર નષ્ટ થયા પછી તેનાથી ૧૪ માઇલ દૂર 'બાડમેર' વસ્યું છે. તે વિષે હું લેખ લખવા વિચાર કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર-ધર્મ પ્રાપ્ત કરવાની કળા-કુનેહ-ડહાપણ.

( ઉદ્ધરીત સંગ્રહીત )

સ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મ૦

**વીરજીવન**-સમગ્ર સંસારમાં ઊંચામાં ઊંચુ જીવન એક મનુષ્ય જીવન છે. આત્માનો પૂર્ણ વિકાસ એક કેવળ મનુષ્યતાના પૂર્ણ વિકાસ ઉપર આધાર રાખે છે. મનુષ્યતાનો જેમ જેમ વિકાશ થતો જાય છે તેમ તેમ કેવળ-કમળા નજદીક આવતી જાય છે, જેથી અનંત જ્ઞાન-દર્શન-સુખસમાધિ અને વીર્ય-શક્તિ પ્રગટ થવા પામે છે. એક વિદ્વાનના શબ્દમાં કહીએ તો નીચે મુજબ સાર નીકળે છે. 'મનુષ્ય અનંત બ્રહ્માંડનો સ્વામી છે. તું જો મનુષ્ય નથી તો મનુષ્ય બન. તું જો દેવતા છે તો મનુષ્યજીવનમાં ઉતરી આવ. તું જો જાનવર છે તો મનુષ્ય જીવન ઉપર આવી જા. ખરૂં મનુષ્ય જીવન જીવતા શિખી લે.' મહાવીરસ્વામીનું જીવન એ ખરેખર માનવ જીવન છે. મનુષ્ય જાતિને માનવજીવનનો ખરો આદર્શ મહાવીરસ્વામીના જીવનમાંથી પ્રાપ્ત થઇ શકે છે. માનવ જીવનના અભ્યાસીએ મહાવીરસ્વામીના જીવનનું શ્રવણ-મનન-પરિશીલન કરવાની પરમ જરૂર છે. જો એ મહાપુરુષના જીવનને આદર્શ બનાવી પ્રવૃત્તિ કરવામાં આવે તો નિઃસંદેહ આત્મ-સિદ્ધિનો માર્ગ સુલભ થઈ જાય. પ્રભુ મહાવીર એકદમ પ્રભુ ન્હોતા થયા. તેઓ પહેલાં લૌકિક-સામાન્ય હતા. અભ્યાસ કરતાં કરતાં જ્યારે પુરુષાર્થના શિખરે પહોંચ્યા ત્યારે લૌકિક મટી અલૌકિક-પ્રભુ થયા. એમના પગલે ચાલવું એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. એમનું જીવન નૈતિક, ધાર્મિક અને પારમાર્થિક તત્ત્વોના ઊંચા આદર્શોથી ભરપૂર છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહ-સ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, અને સંન્યાસાશ્રમ એ ચાર આશ્રમોમાં વિશ્રામ લેતા ભગવાન આખરે પૂર્ણ વિશ્રામી-સંપૂર્ણ જ્ઞાની સહજાનંદી બને છે. માબાપ મનુષ્ય માત્રના પ્રથમ અને મહાન ઉપકારી છે. તેમની તરફ ભક્તિપરાયણ થવું એ પ્રત્યેક પુત્રનું પ્રાથમિક અને મહાન કર્તવ્ય છે. મહાવીર આ કર્તવ્ય-કર્મને બજાવવા કેટલો ઊંચો નંબર લે છે? ગર્ભાવસ્થામાં ગર્ભનું હલન-ચલન સ્વાભાવિક થયા કરે છે તેની ઉપર પણ મહાવીર અંકુશ મૂકે છે અને તે એટલા માટે કે "મારા હાલવા-ચાલવાથી મારા માતાજીને દુઃખ થાય!"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળસ્વભાવ-સુલભ ચંચળતા અને ચપળતા મહાવીરમાં ન હોય એ કેમ બને ? મહાવીર પોતાના સરખી ઉમરના ગોઠયાઓ સાથે રમવા નીકળી પડે છે, કિન્તુ રમત-ગમતમાં પણ-ખેલકૂદમાં પણ તે બાળકની નિર્ભયતા અને હિમ્મત એક ઓર પ્રકારની તરી આવે છે. દેવતાએ જાણી-બુઝીને કરેલી પરીક્ષામાં પૂરા પાસ થાય છે. પુત્રની ઉમર આઠેક વર્ષની થાય છે ત્યારે તેમના માતપિતા મ્હોટા ઠાઠમાઠ સાથે તેમને નિશાળે બેસાડવા લઇ જાય છે, પરંતુ મહાવીર જેવા પ્રખર પ્રજ્ઞાવાનને વિદ્યાધ્યયન માટે બીજા વિદ્યાર્થીઓની જેમ પરિશ્રમ કરવાનું ન હોય.

બ્રહ્મચર્યપાલનપૂર્વક વિદ્યાધ્યયન કરવું એ પહેલું બ્રહ્મચર્ય-આશ્રમ કહેવાય છે. આ આશ્રમમાં ભવિષ્યની બધી જિંદગીનો પાયો નાખવામાં આવે છે. તેટલી ઉમર વીતાવી પ્રભુ ગૃહસ્થાશ્રમમાં આવે છે. ગૃહસ્થાશ્રમ સાધીને સંન્યસ્ત થવું એ રાજમાર્ગ છે.

મહાવીર જેવા મહાપુરૂષો રાજવૈભવ ભોગવવા જન્મતા નથી. તેવાઓના જન્મની પાછળ મહાન ભેદભર્યું રહસ્ય છુપાયેલું હોય છે. જે સમયમાં મહાવીર જન્મ્યા હતા તે સમયની ભારત વર્ષની સ્થિતિ બહુ વિચિત્ર હતી. એથી તત્કાલીન પ્રજામાં એટલી બધી અશાન્તિ પ્રસરેલી હતી કે તે વખતે એક સમર્થ ઉદ્ધારક પુરુષોના અવતારની પરમ આવશ્યકતા હતી. શ્રી મહાવીરનું કાર્યક્ષેત્ર એ આવશ્યકતાને પૂર્ણ કરવાનું હતું. દુનિયાના કરૂણ આર્ત્તનાદે મહાવીરને વિષયવિલાસથી વિરક્ત બનાવ્યા હતા. અને એ વિરક્ત પ્રભુ એજ શોધમાં હતા કે દુનિયાનો કરૂણ કોલાહલ કેમ કરી શાન્ત થાય અને જગતના જીવોને સુખનો ખરો માર્ગ કેવી રીતે સાંપડે ?

મહાવીરનો એ દૃઢ સંકલ્પ હતો કે માતપિતાની હયાતી સુધી દીક્ષા ગ્રહણ ન કરવી. આવો સંકલ્પ કરવામાં તેમણે એ કારણ જોયું હતું કે તેમની ઉપર તેમના માતા-પિતાની અસીમ સ્નેહલાગણી હતી. દરેક માતા-પિતાને પોતાના પુત્ર ઉપર સ્નેહભાવ તો હોય જ, એ તો એક સામાન્ય વાત છે; પણ જ્યારે મહાવીરે ગર્ભાવસ્થામાં પોતાની માતાને દુઃખ ન થાય એ માટે પોતાનું હલન-ચલન બંધ કર્યું હતું ત્યારે માતાને પોતાના ગર્ભના સંબંધમાં અનિષ્ટ શંકા થતાં પારાવાર શોક-સંતાપ ઉત્પન્ન થયો હતો અને તેની ગંભીર અસર મહાવીરના વિવેકી હૃદય ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ હતી. એનું જ એ પરિણામ હતું કે તેમણે માતા-પિતાની હયાતી સુધીમાં તપોવન-દીક્ષાનો માર્ગ લેવાનું મુલતવી રાખ્યું હતું.

મહાવીર અઠ્ઠાવીશ વર્ષની ઉમરે તેમના માતા-પિતાના સ્વર્ગવાસ થયા પછી જ્યારે દીક્ષા ગ્રહણ કરવા તત્પર થાય છે ત્યારે તેમના મોટા ભાઈ નંદીવર્ધન માત-પિતાના તાજા વિરહ-દુઃખની શાન્તિ માટે તેમને બીજા બે વર્ષ ગૃહવાસમાં રહેવા વિનંતિ કરે છે. મહાવીર પોતાના વડીલ ભાઈની વિનંતિને કબૂલ રાખે છે અને એ રીતે વડીલ ભાઈ પ્રત્યે વિનીત ભાવે વર્તવાનો દાખલો જગતની આગળ રજૂ કરે છે. ભાઈના આગ્રહથી બે વર્ષ ઘરમાં રોકાઈને પણ ભગવાન પોતાની જીવન-ચર્યાને ત્યાગના રૂપમાં ફેરવી નાંખે છે. ગૃહસ્થયોગ્ય વેષ-ભૂષણમાં રહી, તેઓ એ પ્રકારે સાધુ જીવનની પદ્ધતિએ નિયમબદ્ધ રહે છે. તેમની આ ચર્યા આપણને 'વાનપ્રસ્થાશ્રમનો' ખ્યાલ ઉત્પન્ન કરાવે છે.

ચારિત્રના ઉમેદવારે ચારિત્ર ગ્રહણ કરવા અગાઉ અમુક વખત સુધી ત્યાગ-ધર્મની પ્રેકટીસ કરવાની જરૂર છે. આ જ દૃષ્ટિબિંદુ ઉપર ત્રીજા વાનપ્રસ્થાશ્રમનું વિધાન છે, અર્થાત્ ચારિત્ર ગ્રહણ કરવા પૂર્વે ત્યાગ ધર્મની અભ્યાસ-પદ્ધતિ આ એક કસોટી છે. અને એ માર્ગે જીવનને કેળવીને પછી ચારિત્ર-મંદિરમાં પ્રવેશ કરવો એ બહુ સરસ રીતિ છે. જો કે મહાવીર જેવાને પહેલેથી કંઇ તેવી પ્રેકટીસ કરવાની જરૂર ન જ હોય, છતાં તેઓ દુનિયાને બોધપાઠ શિખવવા ખાતર સ્વયં પોતાના આચરણથી તેવો દાખલો રજૂ કરે છે; કેમકે તેઓ જગતના-માનવ ધર્મના એક મહાન્ અને શ્રેષ્ઠ આદર્શ છે.

૩૦ વર્ષની ઉમરે મહાવીર દીક્ષા-સંન્યાસ ગ્રહણ કરે છે. મહાવીરના ચારિત્ર-ધર્મની ઉગ્રતા સંસારમાં સુપ્રસિદ્ધ છે. તે વખતના મહાત્મા બુદ્ધ વિગેરે અન્ય તીર્થિકોએ પણ તેમને 'દીર્ઘ તપસ્વી' તરીકે વર્ણવ્યા છે. સત્યની શોધ પાછળ ખાવુંપીવું મૂકી દઈ, મૌનપણે બાર-બાર વર્ષના ઉજાગરા કરનાર અને ઉઘાડે પગે અને ઉઘાડે શરીરે અવધુત એકલો વિચરનાર તેનું સંન્યાસી જીવન આપણા ખ્યાલમાં કયાં સુધી આવી શકે ?

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મકલ્યાણ સાધન.

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

જ્યાંસુધી વિષયોમાં આસક્તિ હોય છે ત્યાંસુધી ચિત્તની ચંચળતા મટી શકતી નથી અને ચિત્તની ચંચળતા રહે છે ત્યાંસુધી કોઈપણ બાહ્ય સ્થિતિમાં કદી પણ શાન્તિ મળી શકતી નથી. શાંતિ ચાહતા હો તો વિષયોમાં વૈરાગ્ય કરો. યાદ રાખો, પરમ વૈરાગ્યવાન પુરુષ જ પરમ શાંતિ પામી શકે છે.

એ વૈરાગ્ય કેવળ બ્હારની વસ્તુઓનો હઠપૂર્વક ત્યાગ કરવાથી જ નથી થતો. જ્યાંસુધી ચિત્તમાં વિષયોનો ચસકો લાગ્યો હોય છે ત્યાંસુધી વૈરાગ્ય સાચો નથી થતો. ખરો વૈરાગ્ય તો ત્યારે જ સમજવો કે જ્યારે એ ચસકો નષ્ટ થઈ જાય.

વૈરાગ્યની પ્રાપ્તિ માટે નીચે જણાવેલાં સાધનો કરીને જુઓ. એ સર્વ સાધનો સૌનાં કામના નથી અને સૌ તે સાધનોનો ઉપયોગ કરી શકતા નથી. પોતપોતાની સ્થિતિ અનુસાર જ કરી શકાય છે. કરનારને વૈરાગ્યની પ્રાપ્તિમાં કાંઇ ને કાંઇ લાભ તો થશે જ. જેવો યત્ન થશે તેવું ફળ મળશે જ.

એવો વિચાર કરો કે વિષયોમાં ક્યાંય રમણીયતા નથી, એના સૌંદર્યનો આધાર માત્ર આપણા મનની કલ્પના જ છે. જે સ્ત્રી અથવા પુરુષના રૂપ ઉપર પુરૂષ અથવા સ્ત્રી મોહિત થાય છે તે રૂપ વસ્તુતઃ શું છે? પોતાની કલ્પનાથી જ તેઓએ તેના પર સૌંદર્યનું આરોપણ કરી લીધું હોય છે. ચામડી, હાડકાં, કેશ, નખ તેમજ શરીરની અંદર ભરેલાં મળ, મૂત્ર, મેદ, મજ્જા, લોહી, માંસ વગેરેમાં કયી વસ્તુ સુંદર છે? મરેલા મનુષ્યનો એ જ દેહ શા માટે ભયાનક લાગે છે? એટલા માટે જ કે ત્યાં રમણીયતાની કલ્પના નથી.

એવો વિચાર કરો કે વિષયોમાં કયાંય સુખ નથી. ભ્રમથી જ તમે દુઃખમાં સુખનો ખોટો આરોપ કરી લીધો છે. વિષયો દુઃખયોનિ અને વિષયરૂપ સંસારને દુઃખાલય કહેવામાં આવેલ છે. વિષયોના અભાવમાં દુઃખ છે, તેના ઉપાર્જનમાં દુઃખ છે, તેની પ્રાપ્તિમાં દુઃખ છે, પરિણામમાં દુઃખ છે, સંસ્કારમાં દુઃખ છે. અભાવનું દુઃખ પ્રત્યક્ષ જ છે. ઉપાર્જનમાં કેટલો કલેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે તેનો અનુભવ ધનની પાછળ પડેલા સર્વ મનુષ્યોને થાય છે. દિવસ-રાત ચિંતાની ભઠ્ઠીમાં બળ્યા કરવું પડે છે.

પ્રાપ્તિમાં ભ્રમવશાત્ કયાંક સુખ જેવું દેખાય છે, પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. કોઇ વિષય એવો નથી કે જે બાળનાર નથી. સંસારમાં પ્રત્યેક વિષય અપૂર્ણ છે, તે પોતાની પૂર્ણતા માટે બીજી કોઇ વસ્તુની અપેક્ષા રાખે છે. પુત્ર હોય તો એને ભણાવવાનું, પરણાવવાનું, સુયોગ્ય બનાવવાનું વગેરે જુદા જુદા પ્રકારની ચિંતા રહ્યા કરે છે, જે હંમેશા બાળ્યા કરે છે. બીજો કેટલો આગળ વધી ગયો, તેની પાસે વધારે પૈસા થઇ ગયા, તેનું સન્માન મારા કરતાં વધારે છે, તેના પુત્ર મારા પુત્રોની સરખામણીમાં વધારે લાયક છે એ રીતે આપણી ન્યૂનતાથી હૃદયમાં હંમેશા બળતરા રહે છે. અને એ ન્યૂનતા વિષયોથી કદી પણ પૂરી થતી જ નથી.

જે વસ્તુ આજે છે તે કાલે નષ્ટ થશે અથવા તેને બળાત્કારે છોડવી પડશે ત્યારે મોટું દુખ થશે. સંસારના પ્રત્યેક વિષયની એ જ સ્થિતિ છે. આજ છે, કાલે નષ્ટ થશે, અથવા એને છોડીને આપણે કયાંય ચાલ્યા જવું પડશે. એ પરિણામ દુઃખદાયક નહિ તો બીજું શું છે? વસ્તુતઃ વિષયમાત્ર પરિણામે દુઃખદાયક જ છે. એની અંદર સુખની પ્રતીતિ તો કેવળ ભ્રમવશાત્ ભોગકાળમાં જ થાય છે. જેવી રીતે દાદરને ખંજવાળતી વખતે સુખ જણાય છે, પરંતુ પરિણામે બળતરા થતાં ઘણું દુઃખ થાય છે તેવી જ રીતે બધા વિષયોનું સમજી લેવું.

અરે, હું પહેલાં કેવો સુખી હતો? ધન, પુત્ર અને સેવકોથી ઘર ભરેલું હતું, યુવાનીની મજા હતી, સ્ત્રી કેવી સુંદર અને સુશીલા હતી, જગતભરમાં યશ ફેલાયો હતો. અત્યારે એ બધું ચાલ્યું ગયું છે. મારા જેવો દુઃખી બીજો કોણ હશે? એ રીતે પ્રાપ્ત વિષયોના સંસ્કાર પણ દુઃખ આપે છે. અમુક વિષયની ઈચ્છા થઇ, તેની પ્રાપ્તિ કેવી રીતે થાય? એક માણસે એક ઉપાય બતાવ્યો, વળી વિચાર આવ્યો કે તે ઠીક નથી? બીજું કંઇક કરો. એ ઉપાય સારો છે. એમાં કશું પાપ નથી. બીજામાં પાપ છે; પરંતુ કરવું શું? કામ તો કરવું જ જોઇએ. એ રીતે ગુણજન્ય વૃત્તિઓમાં વિરોધ થવાથી મન ગભરાઈ જાય છે. દુઃખનો પાર રહેતો નથી. શું કરવું અને શું ન કરવું? એ ભાંજગડમાં જીવ બળ્યા કરે છે.

આ રીતે વિષયોનાં દુઃખ દેખીને તેનાથી મનને દૂર રાખો. મનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચય કરો કે વિષયોમાં નથી રમણીયતા કે નથી સુખ. તેમાં દોષ અને દુઃખબુદ્ધિ કરો. ધન, યૌવનનો ગર્વ, એશઆરામ, પદ-સન્માન, મોજશોખ, રૂપરંગ, પૂજા-પ્રતિષ્ઠા, આદરસત્કાર વગેરેમાં પ્રત્યક્ષ તાપનો અનુભવ કરો. એનાથી ડરતા રહો. સાપ, વીંછી તથા પ્રેત-પિશાચોથી પણ તેને ભયાનક ગણો. કોઇપણ લોભ, લાલચ અથવા પ્રમાદથી એમાં ન ફસાઓ. વિષયસુખને શરીર, શૌર્ય, શાંતિ વિગેરે નાશ કરનાર ગણીને તેનાથી ચિત્તવૃત્તિને વારંવાર હઠાવતા રહો.

વિષયોથી ચિત્તને હઠાવવા માટે પ્રેમ તથા નિયમપૂર્વક સત્સંગ અને ઇશ્વરભજન કરો. સત્સંગ તથા ઇશ્વરભજનથી ચિત્ત સ્થિર અને નિર્મળ બનશે. ચિત્તરૂપી આધાર જેટલું સ્થિર અને મળ દોષ રહિત હશે તેટલું ઇશ્વરનું સ્વરૂપ વધારે સ્પષ્ટ થશે. ઇશ્વરની અનંત સુખમય ઝાંખીની સામે વિષયોનું બધું સુખસૌન્દર્ય આપોઆપ નષ્ટ થઈ જશે. પછી ભગવાન સિવાયના બીજા વિષયોમાં રસ ઘટતો જશે. વૈરાગ્ય ધીમે ધીમે આપોઆપ ચમકશે અને વૈરાગ્યના સુપ્રકાશમાં ભગવાનની ઝાંખી વધારે સ્પષ્ટ થશે એમ વૈરાગ્યથી ભગવાનનો પ્રકાશ અને ભગવાનના પ્રકાશથી વૈરાગ્યની ઉજ્જવળતા વધતી જશે. પરિણામે એક પરમાનન્દ સ્વરૂપ ભગવાનનો જ અધિકાર આખા હૃદય ઉપર થઈ જશે અને દુઃખ, શોક, ચંચળતા સર્વથા નષ્ટ થઇ જશે. તમે ભગવાનના પરમ તત્ત્વને પામીને કૃતાર્થ થઈ જશો. એ પરમ તત્ત્વરૂપ ભગવાનની અખંડ અક્ષય અનંત આનંદરૂપ મધુર ઝાંખી પ્રત્યક્ષ થતાં બીજા બધાં, રસ સૂકાઇ જશે અને એક માત્ર અનન્ત અમૃત રસથી સમસ્ત વિશ્વ ભરાઇ જશે. પછી કયાંય પણ અશાંતિ તથા અસુખનું અસ્તિત્વ નહિ રહે. તમે દિવ્ય સુખના અનંત સાગરમાં નિમગ્ન થઈ જશો. સ્વયં આનન્દમય થતાં આનંદનો જ અનુભવ કરશો. અનંત લીલાઓના દર્શન કરશો. તે વખતે તમે શું થઇ જશો તે કોઇ પણ બતાવી શકે તેમ નથી.

યાદ રાખો, સંસારના વિષય કદી પણ પૂરા નહિ થાય. જેટલા ભોગવશો તેટલી વાસના વધવાની. અને એ વાસનાઓમાં જ મરી જશો તો આગળ ઉપર એ ચરખો તૈયાર મળવાનો, પરંતુ એવો ખ્યાલ ન કરો કે ઘર છોડવાથી, રાખ લગાડવાથી, શિર મુંડાવવાથી, જટા રાખવાથી અને ભીખ માગવાથી વૈરાગ્ય આવે છે. એવો નિશ્ચય કરો કે ગૃહસ્થના સર્વ કામો કરતા રહેવાથી જ પણ વૈરાગ્ય આવી જશે. વૈરાગ્યનો આધાર તો મન છે. મન ફસાયેલું હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ છે, અને મન છૂટું હોય તો વૈરાગ્ય છે. ઘર કરો કે ઘર છોડો–જો મનની વિષયાસક્તિ નથી છૂટતી તો ફસેલા જ છો. સંયમ, વૈરાગ્ય અને સાધના માટે ઘર છોડતા હો અને છોડવા લાયક હોય તો છોડવું પણ ઠીક છે. એવી રીતે સંયમ, વૈરાગ્ય અને સાધના માટે ઘરમાં રહેવા ઇચ્છો તો એ રહેવું શરૂઆતમાં ઠીક છે. કોઇ વખત છોડવામાં બંધન હોય છે અને બંધનમાં છોડવાનું હોય છે. ખૂબ વિચારપૂર્વક કામ કરો. લક્ષ્ય વૈરાગ્ય તરફ, વિષયાસકિતથી મુક્તિ તરફ જ રહેવું જોઇએ.

વૈરાગ્ય થશે ત્યાં શાંતિ અવશ્ય મળવાની. જીભના સ્વાદથી ચિત્તને હઠાવો. શરીરનો આરામ ન ઇચ્છો અને માન–પ્રતિષ્ઠાથી તો હમેશાં ડરતા જ રહો. એની ઘૃણા કરો.

પરમાત્માને કદીપણ ન ભૂલો. નિશ્ચય કરો. એ તમારા પરમ આત્મીય છે, પરમ સ્વજન છે, એ જ્ઞાન, પ્રેમ, વાત્સલ્ય, કૃપા, દયા, સુખ, આનંદ, મંગળ તથા કલ્યાણનો અખૂટ ખજાનો છે. એ એકના જ આશ્રયથી અમરત્વ, માધુર્ય, સત્ય, સૌન્દર્ય–એ સર્વનો એ અનંત સાગર છે. તે કલ્યાણમય, સૌન્દર્યમય, શિવમય, પ્રેમમય, જ્ઞાનમય, મંગળમય અને આનંદમય છે. તે તમારો પરમપિતા, પરમપતિ, પરમગુરુ, પરમસખા, પરમસુહ્રદ, પરમ ઈશ્વર, પરમ ધન તથા પરમ સંપત્તિ છે. તમારી ભક્તિનો તથા વાત્સલ્યનો તે એક જ પાત્ર છે. તમે એના છો, એ તમારા છે. પછી એને ભૂલીને બીજાને શા માટે ભજો છો ? શા માટે સારનો ત્યાગ કરીને અસાર માટે ભટકો છો ? શા માટે કારણને છોડીને કાર્ય પર મોહિત થાઓ છો ? શા માટે કાયાનો પરિત્યાગ કરીને છાયા પાછળ દોડો છો ?

યાદ રાખો, એના વગર સંસાર દુઃખમય છે. એને પામશો પછી આખું જગત્ તમને આનન્દમય જ દેખાશે. અને વિશ્વાસ રાખો કે તમે તેના પોતાના છો, એ નિરંતર તમારી સહાયતા તેમજ રક્ષા માટે તૈયાર જ છે. તેને એવો જાણીને અને માનીને નિર્ભય બની જાઓ. તેના ચરણોમાં તમારી જાતને સમર્પી દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં.

અજ્ઞાન ગણાતો ખેડૂત

સમય થતાં જ સમાધિયોગ શરૂ થયો. આજનું આખુંયે દ્રશ્ય સાવ અનોખુ!

કુબેર. આ કલાનમાંથી ગાડીના પૈંડા શી રીતે નિકળશે ? નજીકમાં કોઇ મદદે આવે તેવા માણુસ પણ નથી દેખાતા ! જીવા શેઠે ગાડીમાં બેઠા બેઠા પોતાના ગાડીત કુબેરને પ્રશ્ન કર્યો.

કુબેર કીચડમાં ખુંચી ગયેલ ગાડીને બહાર કહાડવા પ્રયત્ન કરી રહ્યો હતો; છતાં પૈડા વધુ ને વધુ ઊંડા ઉતરી જતાં; જો કે આ માર્ગ આમ તો સારો હતો. પૂર્વે ઘણીયે વાર એ પર થઇ તે ગયેલો છતાં થોડા દિન પૂર્વેના માવઠાએ અને સાબરમાં આવેલી ભરતીએ અત્યારે તે ગાડી ઘોડા માટે સાવ બગડી ગયો હતો. જીવા શેઠ જરૂરી કામે વહેલી સવારમાં નિકળ્યા હતા. આડતીયા પુંજાશાને ગામ પહોંચી ત્યાં જ સ્નાન આદિથી પરવારવાનો તેમનો ઇરાદો હતો. ઉભય વચ્ચેનો સ્નેહ આજ વર્ષોથી ચાલ્યો આવતો. શેઠના બળદો પણ તેજ હતાં. પંદર ગાઉનું અંતર કાપવું એ રમત જેવું હતું છતાં કુદરત આજે આડી ઉતરી અને ખાડી ઓળંગતાં ગાડી ખુંચી ગઇ. સૂર્ય ઊંચો ચઢવા માંડયો ને કુબેરના યત્નો ફોગટ ગયા !

એવામાં પાંચ સાત ખેતરવા આઘે કોઇનો અવાજ કુબેરને સંભળાયો. એ તરફ મ્હોં ફેરવી તેને હાકોટો કર્યો અને આ તરફ આવવા રાડ પાડી. જોતજોતાંમાં બે કદાવર શરીરી ખેડુભાઇઓ આવી ખડા થયા.

ઓહ, કર્ણાવતીના જીવા શેઠ તમો અહીં કયાંથી ? આ મારગ આંજ કેટલા દિનથી બગડી ગયો છે. જોરૂભાએ આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો અને એના ભાઇ ખોડુભાએ જણાવ્યું કે કુબેરનો હાકોટો ન સંભળાયો હોત તો ભાગ્યેજ આ તરફ કોઈ માનવીના પગ પડતે. અમારા ગામવાળાને ઓલ્યો મારગ સુગમ છે. ગાડી ઘોડા પણ ત્યાંથી જ જાય છે. અહીં કલાન ઘણું છે. એક વાર એમાં પૈડા ખુંચ્યા કે બાર વાગ્યા ! ખેર, થયું તે ખરૂં. શેઠ તમો જરા ઉતરી આઘા ઊભા રહો નહિં તો કાદવના છાંટાથી શરીર રંગાશે અને કુબેર તું બળદને છોડી નાંખ. પૈડાને પાછા હાથે જોરથી હડસેલ્યા વગર અહીંથી છૂટવું મુશ્કેલ છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોડુભાની સૂચનાનો અમલ થયો–એક તરફ ખોડુભા ને બીજી બાજુ જોરૂભા લાગી ગયા. કુબેરે ધોંસરી ઉપાડી. ખેડુત ભાઇઓના ધરખમ યત્નોથી માંડ અડધા કલાકે ગાડી પાછી વાળી સૂકા ચીલામાં આણી શકાઇ ! ત્રણે જણના શરીર પર ખૂબ પરસેવો વળ્યો અને પરિશ્રમનુ શું કહેવું ? અને કાદવથી ગાત્ર લેપાયા એ નફામાં ! છતાં કામ પાર ઉતર્યાનો સંતોષ સૌના ચહેરા પર રમી રહ્યો.

જીવા શેઠે, જોરૂભાના મુખથી જાણ્યું કે તેઓ પુંજા શેઠને ત્યાં જ કામે જઇ રહ્યાં છે એટલે તરતજ ત્યાં મળીશું એમ કહી, ગાડી જોડાવી પંથે પડયા. ઉભય ખેડુતોએ થોડે દૂર જઈ, પાણીવડે શરીર સાફ કરી, માર્ગ કાપવો શરૂ કર્યો. પુંજાશેઠને ત્યાં આવ્યા ત્યારે રોજ કરતાં બે કલાકનું મોડું થયું ! મજુર વિના બૂમાબૂમ થઇ રહેલી. જીવાશેઠ તો કયારના આવી ગયેલા અને નાસ્તાથી પરવારી, પૂજા કરવા ગયેલા. તેમના મુખેથી રસ્તાનો બનાવ સાંભળ્યા છતાં પુંજાશેઠે પરખાવ્યું કે–જુઓ જોરૂભા, આટલું મોડું ન ચલાવી લેવાય. આજે તમને આખો રોજ નહીં મળે કામે લાગવું હોય તો લાગે.

શેઠ, જેવી તમારી મરજી. વિલંબ તો થયો છે પણ જીવા શેઠને મારગમાં કેમ મૂકાય ! વળી રોજ ન ભરીએ તો ઘેર છોકરાં ખાય પણ શું ? જે ગણવું હોય તે ગણજો.

વાણિઆ એટલે વહેવારીઆ ! જો ભીડમાં આવ્યા હોય તો માંગ પ્રમાણે આપે પણ જાતે ઉદારતો જવલ્લે જ થાય. વેપારની બીજી ત્રીજી વાતોમાં જીવાશેઠને પુંજાશેઠ ઘણુ બેઠા પણ પેલા ગરિબ ખેડુતો કોઇને યાદ ન આવ્યા. સમય થતાં જોરૂભાના હાથમાં પોણા રોજના ફદીયા પડયા. જરૂરી જણસભાવ ખરીદી તેઓ ઘેર આવ્યા. રોજના સાદા ખોરાકમાં પણ આજે તંગાશ દેખતાં સહજ પ્રશ્ન થયો. સૌના જાણવામાં સવારનો બનાવ આવ્યો. જુવાન ગોવિંદથી સહજ કહેવાયું કે–' જીવાશેઠની ગાડી સારૂ થોભ્યા શા શારું ?

જોરૂભા–હોય, એમ પણ બનેનું સૌનુ પુરૂં કરનાર પ્રભુ માથે બેઠો છે. કદાચ ભૂખ્યા પણ રહેવું પડે છતાં અગવડ ભાંગવાના ટાણે જોઇ ન જ રહેવું, શક્તિ અનુસાર મદદ કરી છુટવી એજ મોટો ધર્મ છે. કોઇ દિ સાંકડું મન કરવું નહીં. પરમારથનુ કામ કરવાની તક ચુકવી નહીં જેને રામ રાખે તેને કોણ ચાખે ? સૌનું ભલું ઇચ્છવું.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ણાવતીની મંડાઈમાં અનાજના ગાડાની હાર લાગી છે. વેપારીઓના માણુસો ભાવ કરી અનાજ તોલી રહ્યા છે. જીવાશેઠની નજર કેટલાક સમય પછી માંડ જોરૂભાના ગાડા પર પડી. સહજ કહોં મલકાવી, મહેતાને હુકમ કર્યો કે–જોરૂભાનો માલ ભાવ ઠરાવી જલ્દી તોળી લે. સાંભળ, એની પાસેથી હકસાઇ કે મહેતા સુખડી લેવાની નથી.

માલિક, હકસાઇ ને સુખડી રવાજ મુજબ ભલે લેવાય પણ મારો માલ જોઇ ભાવ વ્યાજબી આપો. એકેક દાણો જોઇ વાળો. સૌનો સરખો ભાવજ ગણો.

કેમ, જોરા, તે દિનની ત્હારી મદદ યાદ કરી હું તને લાભ કરૂં છું તેના બદલામાં તુ મોંઘો થાય છે. શું મેં ખોટો ભાવ કહ્યો છે?

જોરૂભાને ભાવ ઓછો લાગ્યો છતાં હવે શું થાય! શેઠ સારો ભાવ આપશે કે અપાવશે એ આશાએ તે કર્ણાવતી સુધી આવ્યો! પુનઃ તેને શેઠને ઉદ્દેશી કહ્યું કે–તમો મોટા લોક, ઇશ્વરને સાક્ષી રાખી બે પૈસાની કમાણી ગણી દામ આપો.

જીવા શેઠનું વેણુ ન જ ફર્યું. માલ તોલાયો. જોરૂભાએ પણ રિવાજ પ્રમાણે સર્વ ચુકવી ગાડુ હાંકી મેલ્યું. મનમાં થયું કે ધાર્યા કરતા દામ ઓછા આવ્યા. જેવી હરિઇચ્છા 'કહી મન મનાવ્યુ, જેવું તગ્દીર કહી સંતોષ માન્યો.

× × ×

વાતને વર્ષો વીત્યા. જોરૂભા ખોડુભાના ગ્રામ્ય જીવનમાં એ મોજ ને આનંદ જણાય છે વાડી વિસ્તાર પણ વધ્યો છે. પુંજાશાની રિદ્ધિ તો ઘણી કહેવાય છે પણ સંતાનમાં શૂન્ય છે. હવે ત્રીજીવાર ઘોડે ચઢવાના સ્વપ્ના સેવે છે! જીવાશેઠને પુત્ર છે છતાં ઉડાઉ પરસેવાની અર્ધી લક્ષ્મી તો શેઠની નજર સામે રંડીબાજીમાં ઉડાવી દીધી ત્યા તો–' તીરથની આશાતના નવી કરીએ' એ મોટા સાદે ગવાતી કડી સંભળાઇ–ઘંટાનાદ થયો. એક જ પ્રશ્ન રમી રહ્યો. આત્મા કોણે ઓળખ્યો?

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧. શ્રી મેરુતુંગાચાર્યવિરચિત રૂા. ૩-૧૨-૦ **પ્રબંધ ચિંતામણી ગ્રંથાંક ૧.**
૨. પ્રબંધ ચિંતામણી ગ્રંથ સંબંધ રૂા. ૫-૦-૦ **પુરાતન પ્રબંધસંગ્રહ ૨.**
૩. શ્રી રાજશેખરસૂરિકૃત રૂા. ૪-૦-૦ **પ્રબંધકોશ ગ્રંથાંક ૬.**
૪. શ્રી જિનપ્રભસૂરિવિરચિત રૂા. ૪-૪-૦ **વિવિધતીર્થકલ્પ ગ્રંથાંક ૧૦.**
૫. શ્રી મેરૂતુંગાચાર્યવિરચિત રૂા. ૩-૮-૦ **પ્રબંધ ચિંતામણી ઇંગ્લીશભાષામાં ગ્રંથાંક ૧.**

ઉપરના ગ્રંથો સમાલોચનાર્થે અમોને ભેટ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. કલકત્તાનિવાસી શ્રીમાન્ બાબુસાહેબ **શ્રી બહાદુરસિંહજી** સિંઘી સાહેબે પોતાના સ્વર્ગવાસી પૂજ્ય પિતાશ્રી **ડાલચંદજી બાબુસાહેબના** સ્મરણાર્થે જૈન પ્રાચીન ગ્રંથોની સીરીઝ પ્રકટ કરેલ છે. જે જ્ઞાનોદ્ધારના ઉત્તમ કાર્યો તરીકે હોઇ ઉપરોકત પાંચ ગ્રંથો સીરીઝ તરીકે પ્રગટ કરી જૈનસાહિત્યમાં ઔર વધારો કરવામાં આવેલ છે, જેના સંપાદક સાક્ષરવર્ય શ્રીમાન્ **જિનવિજયજી** કે જેઓ વિશ્વભારતી શાન્તિ નિકેતનના જૈન વાંગમયના અધ્યાપક છે. આવી સીરીઝ પ્રકટ થતાં જૈન પ્રાચીન વિવિધ સાહિત્યનો ઉદ્ધાર ખાસ થયો છે, તેટલું જ નહિ પરંતુ ગ્રંથવિષય, અનુક્રમણિકા, પ્રસ્તાવના, પદ્યાનુક્રમણિકા, ટિપ્પન, પરિશિષ્ટો વગેરેની પણ સંકલના, ગ્રંથશુદ્ધતા, છાપકામ વગેરે બાહ્ય અને અભ્યંતર બંને સ્વરૂપ સંપાદક મહાશયે વિદ્વત્તાપૂર્ણ આ સીરીઝ ગ્રંથોમાં કર્યું છે. જૈન સાહિત્ય જે શૈલીએ પ્રકટ થવું જોઇએ તે રીતે જ પ્રકટ થયેલ છે. મૂળ વસ્તુ પ્રાકૃત, સંસ્કૃત ભાષામાં હોવાથી તે ભાષાના અજ્ઞાત બંધુઓ માટે ગુજરાતી ભાષામાં પ્રસ્તાવના આપી તે તે ગ્રંથોનું કિંચિત્ સ્વરૂપ આપવામાં આવેલું છે જે પ્રશંસનીય છે. સુકૃતની લક્ષ્મી અને ઉદારતા, જૈન નરરત્ન શ્રાવકકુલભુષણ બાબુસાહેબ શ્રી બહાદુરસિંહજી સિંઘી સાહેબ અને પ્રકાશક સિંઘી જૈન જ્ઞાનપીઠ શાંતિનિકેતન (બંગાળ) એ ત્રિવેણીનો સુયોગ આ સીરીઝમાંથી થયેલો છે જે ભાવિકાળમાં જૈન સાહિત્ય તરીકે જવાબ આપશે. આવા ઉત્તમ જ્ઞાનોદ્ધારના કાર્ય માટે બાબુસાહેબ તથા સંપાદક મહાશય આવા સુપ્રયત્ન, ખંત અને કાળજી માટે જૈન કોમના ધન્યવાદને પાત્ર છે. દરેક ભંડાર અને લાઇબ્રેરીઓના શૃંગારરૂપ હોઇ સંગ્રહવા અને મનન કરવા યોગ્ય છે. મળવાનું સ્થળ પ્રકાશકને ત્યાંથી.

---

**શ્રી કમળલબ્ધિમહોદય કાવ્ય**—સંયોજક **પંડિત** વ્રજનાથ નારાયણાચાર્ય. આચાર્ય શ્રી **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજ તથા આચાર્ય શ્રી **વિજયલબ્ધિસૂરિજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજના સંસ્કૃત પદ્યમય સંક્ષિપ્ત જીવનચરિત્ર આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સંસ્કૃત ભાષાના વિદ્વાનો-નિષ્ણાતો કાવ્યરચના માટે વિશેષ લખી શકે, પરંતુ એકંદર રીતે સંસ્કૃત ભાષામાં કાવ્યોની રચનાપૂર્વકના જીવનવૃતાંતો છે તેમ અવલોકન કરતાં જણાય છે. પ્રકાશક. શાહ લક્ષ્મીચંદજી આસકરણ ફલોધી (તીર્થ) લખવાથી વાંચન મનન માટે મળી શકશે.

---

**૧ કમલ-પ્રબંધ યાને જગત્ જ્યોત્**—રચયિતા શ્રી ભુવનવિજયજી મહારાજ. આચાર્ય **મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજીનો** જન્મ, વૈરાગ્યપ્રાપ્તિ, યતિદીક્ષા, સ્થાનકવાસી દીક્ષા અને છેવટે સંવેગી દીક્ષા, આચાર્યપદપ્રાપ્તિ વગેરે વર્ણન આ બુકમાં આપવામાં આવેલ છે. તેઓશ્રીનું ચારિત્ર, બ્રહ્મચર્ય. શાસ્ત્રજ્ઞાન સમાજ પ્રત્વે ઉપકારક બુદ્ધિ વગેરે અનેક ગુણો આકર્ષક હતા. ચારિત્ર નિષ્કલંક નિરતિચાર અને પવિત્ર હતું જે આ ગ્રંથમાં બતાવવામાં આવેલ છે જે મનન કરવા યોગ્ય છે. પ્રચારાર્થે વગર કિંમતે પ્રકાશક શ્રી વીસા પોરવાડ જૈન સંઘ બરલુટ ( મારવાડ-જોશ)ત્યાંથી મળી શકશે.

---

**૨ સચિત્ર કાવ્ય સરિતા-સચિત્ર.** લેખક શેઠ **મહાસુખભાઈ ચુનીલાલ**-વીસનગર ૧ સૃષ્ટિસૌન્દર્ય, નીતિ, વૈરાગ્ય, અને કાવ્યવિનોદ એ ચાર તરંગોમાં કાવ્યોની રચના, વૈવિધ્યપૂર્ણ, મનોરંજન, સરલ રસિક અને બોધદાયક આ બુકમાં લેખક મહાસુખભાઇએ આપેલ છે. લેખકે નિષ્ણાત કલાકાર રા. કલાબ્ધિના બનાવેલા આ પુસ્તકમાંહેના કેટલાક કાવ્યોની ભાવનાને અનુસરતાં સુંદર ચીત્રો પણ દોરેલા મુકયા છે. અને ગુજરાતના ઉત્તમ નવલકથાકાર રા. રમણલાલ વસંતલાલ દેશાઈએ પ્રસ્તાવનાદ્વારા ઉચ્ચ અભિપ્રાય પણ આપ્યો છે. એકંદર રીતે આ ગ્રંથમાં સાહિત્ય સાથે કળાનો સુંદર મેળ સાધ્યો છે. જેથી આવકારદાયક આ પુસ્તક થયું છે. આવૃતિ ત્રીજી. કિંમત ચાર રૂપીયા. લેખક મહાશયને ત્યાંથી મળી શકશે.

---

**શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ**-ભીંતે ટાંકવાના તથા બુકાકારેના પંચાંગ. મુનિરાજશ્રી વિકાસવિજયજી મહારાજ કેટલાક વખતથી તૈયાર કરી રહ્યા છે. પ્રથમ જ્યોતિષ જૈન ગ્રંથો અને જૈનેતર ગ્રંથોનો અભ્યાસ કરી જૈનેતર જ્યોતિષીયો પાસે પણ તેની વિચારણા વગેરે કરી આ પંચાંગ દૈનિક સ્પષ્ટ ગ્રહો સહિત સૂક્ષ્મ ગણીતયુક્ત તૈયાર કરવામાં આવતા આ પંચાંગ તરફ જોકે જૈનોનો હજુ જોઇએ તેવો આદરભાવ થયો નથી અને જૈનેતર પંચાંગોનો આધાર લઇ ધાર્મિક કાર્યોના મુહૂર્તો વગેરે કાઢી કાર્ય કરી રહ્યા છે પરંતુ ખરી રીતે આ મહેન્દ્ર જૈન પંચાંગને આદર આપવાની હવે ખાસ જરૂર છે. જોકે અંતે આ પંચાંગ આદર પામવાનું તો છે જ. જૈનેતર વિદ્વાનો પણ આ પંચાંગના ગણીત વગેરેની મુક્તકંઠે પ્રશંસા કરે છે. આ મહેન્દ્ર જૈન પંચાંગ માટે પ્રથમ યોગ્ય સારો અભિપ્રાય આપનાર હવે પાછળથી તેની વિરૂદ્ધનું પ્રચારકાર્ય કરી રહેલ છે. આવી બેવડા પ્રકારની ચાલાકી પ્રશંસનીય નથી તે તેમણે સમજવું જોઈએ, માત્ર પોતાનો અભિપ્રાય પ્રમાણિકપણે આપવો જોઇએ. ઉક્ત મહારાજશ્રીનો આ અભ્યાસ પ્રયત્ન ધન્યવાદને પાત્ર અને જૈન સમાજને ઉપકારક છે.

---

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વર્તમાન સમાચાર

### ખંભાતમાં શ્રી બુટેરાયજી મહારાજનો જયંતી મહોત્સવ.



For Private And Personal Use Only



**સ્વ. આચાર્ય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ**

જેમના જન્મ-શતાબ્દિ મહોત્સવનો વાર્ષિક ઉત્સવ તાજેતરમાં ઉજવાયો છે

ખંભાતમાં ચૈતર સુદ ૧ તા. ૧૨-૪-૩૭ ને સોમવારે સવારમાં નવ-વાગે બજારમાં આવેલી શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં અગાઉથી જાહેર કર્યા મુજબ શ્રીમદ્ આત્મારામજી મહારાજના ગુરૂદેવશ્રી બુદ્ધિવિજયજી (શ્રી બુટેરાયજી) મહારાજની જયંતી પૂજ્યપાદ આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**ના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. ધર્મશાળાનો આખો હોલ તથા ચોગાન વાવટા-તોરણોથી શણગારવામાં આવ્યો હતો અને બહાર ઓટલે સુરતનું ટકોરચીખાતું બેસાડવામાં આવ્યું હતું. શરૂઆતમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ મંગળાચરણ કર્યા બાદ બહેનોએ ગહુંલી ગાઇ હતી જે બાદ માસ્તર દીપચંદ પાનાચંદે આજની પૂજ્ય ગુરૂદેવની જયંતીનું કારણ સમજાવ્યું હતું જે બાદ આચાર્ય શ્રી કસ્તુરવિજયજીએ ગુરૂ શબ્દનું સુંદર વ્યાખ્યાન કરી બન્ને મહાત્માના ગુણોનું સુંદર વર્ણન કર્યું હતું. જે બાદ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પોતાની મીઠી તેજસ્વી ભાષામાં શ્રી બુદ્ધિવિજયજી (શ્રી બુટેરાયજી) મહારાજનું આખુંયે જીવનચરિત્ર લંબાણથી કહી સંભળાવી શ્રોતાઓને મુગ્ધ કરી નાંખ્યા હતા. જે બાદ પ્રભુની જય બોલાવી જયંતીનું કામ બરાબર સાડાઅગીઆર વાગે ખલાસ થયું હતું જે બાદ સંઘ તરફથી પતાસાની પ્રભાવના થઇ હતી. બપોરના ત્રણ વાગે ધર્મશાળામાં પ્રભુને આંગી પૂજા કરાવવામાં આવી હતી તથા રાતના સંગીતના સુંદર તાન સાથે રાત્રિજાગરણ પણ કરાવવામાં આવ્યું હતું. આમ આખોય દિવસ મહાપુરૂષની જયંતી ઉત્સવથી આનંદમય બની રહ્યો હતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " સરધનામાં પ્રતિષ્ઠા ઉત્સવ "

મેરઠ જીલ્લામાં મુનિ મહારાજશ્રી **દર્શનવિજયજી** આદિ ત્રિપુટીના ઉપદેશથી જૈનધર્મના પ્રચારનું સુંદર કાર્ય ચાલી રહ્યું છે. તેમાં સરધનામાં મહારાજશ્રીના ઉપદેશથી અમદાવાદની શ્રી જૈનધર્મ પ્રચારક સમિતિએ એક સુંદર અને કલામય જિનાલય બનાવરાવ્યું, જેનો નમુનો પંજાબ અને યુ. પી. પ્રાંતમાં નથી એમ અહીંના અનુભવીઓ કહે છે. એ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે પંચાહ્નિક મહોત્સવ રાખવામાં આવ્યો હતો. ગામ બહાર એક વિશાલ પંડોલ બનાવવામાં આવ્યો હતો જેમાં અનેક નાના મોટા તંબુઓ અને રાવટીઓ હતી. આ વિશાલ પંડાલનું નામ મુક્તિનગર રાખવામાં આવ્યું હતું. તેના મુખ્ય દરવાજાનું નામ હતું આત્મદ્વાર, મધ્યના તંબુના દરવાજાનું નામ મુક્તિદ્વાર અને એકનું નામ વીરદ્વાર હતું. મધ્ય મંડપમાં પૂ. પા. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. પૂ. પા. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ. પૂ. પા. શ્રી હંસવિજયજી મ. પૂ. પા. શ્રી ચારિત્રવિજયજી મ. (ગુરૂકુલ સ્થાપક)ના તથા વિવિધ તીર્થોના ફોટાઓ રાખવામાં આવ્યા હતા.

મહા વદિ સાતમથી ઉત્સવની શરૂઆત હતી. તે દિવસે પ્રાતઃકાળમાં શુભ મુહુર્તે જૈનધર્મનો વિજય ધ્વજ રોપવામાં આવ્યો હતો. બપોરે મોટો વરઘોડો નીકળ્યો હતો જેમાં અંબાલાનો ચાંદીનો રથ, દિલ્હીનો નવીન રથ, દિલ્હી અને બિનૌલીની ચાંદીની પાલખીઓ. હાથી વગેરે સુંદર સરંજામ હતો. વરઘોડો પંડાલમાં ઉતર્યો હતો. ત્યાં નિરંતર વિવિધ પૂજાઓ અને વિદ્વાન્ પંડિતોના વ્યાખ્યાનો થતાં, જેમાં જૈન દર્શનના વિદ્વાન્ પંડિત હંસરાજજી શાસ્ત્રી, શેઠ જવાહરલાલજી નાહટા, શાસ્ત્રી રાજમલજી લોઢા, બ્રહ્મચારી શ્રી શંકરપ્રસાદજી (પંજાબ) આદિનાં જૈન દર્શનની મહત્તા, અન્ય દર્શનોથી જૈન દર્શનની વિશિષ્ટતા, શ્વેતાંબર જૈન ધર્મના સિદ્ધાંતો, શ્વેતાંબર દિગંબર સમીક્ષા, જૈનધર્મની ઉન્નતિના ઉપાય વગેરે વગેરે વિષયો ઉપર જોરદાર વ્યાખ્યાનો થતાં; તેમજ ઓશિયાની વર્ધમાન જૈન વિદ્યાલયની ભજન મંડળીએ પણ કમાલ કરી હતી. તેના ભજનો, પ્રભુભક્તિ, નૃત્યસંવાદ, ડાંડીયારાસ વગેરે જોવા જનતાની ઠઠ જામતી; જનતા આ પ્રસંગે કંઇક જ્ઞાન લઇનેજ જતી. ઉત્સવની સાથે વ્યાખ્યાનમાલા અને ભજન મંડળીએ શું હિન્દુ કે મુસલમાન ? બ્રાહ્મણ કે વૈષ્ણવ ? જૈન કે જૈનેતર ઉપર સારી અસર પાડી હતી. મહા વદિ ૯ ની કુંભસ્થાપના હતી, દશમના દિવસે વિવિધ પૂજાનો તથા રથયાત્રાનો વિશાલ વરઘોડો ચઢ્યો હતો જેમાં હજારો મનુષ્યો એકત્ર થયા હતા. મહા વદિ ૧૧ ને સોમવારે ૭-૫૯ મીનીટે ધનુર્વાંશે પ્રતિષ્ઠા થઈ હતી. મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી આદિએ વાસક્ષેપ નાંખ્યો હતો. બાદમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું; જેમાં મુનિમહારાજશ્રી ન્યાયવિજયજીએ જિનપૂજા, સ્વામિવાત્સલ્ય, બન્ધુપ્રેમ, પ્રભુભક્તિ અને તેના લાભ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. બપોરે શાંતિસ્નાત્ર હતું. સ્વામિવત્સલ્ય હતું. દરેક જીલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં ઉત્સવમાં ભાગ લેવા જનતા એકત્ર થઈ હતી. સરધનાથી હિન્દુ-મુસ્લીમ, જૈન જૈનેતર જનતાએ દિલોજાનીથી પુરેપુરો સહકાર અને સેવા આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ પૂજા સાથે. રૂા. ૦-૪-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) રૂા. ૦-૧૦-૦
૭ શ્રી વીશ સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ-વિધાન યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦-૧૨-૦

---

## પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. રૂા. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. રૂા ૩-૮-૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪-૦-૦
૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. રૂા. ૬-૦-૦
૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨-૦-૦
૬ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય. રૂા. ૩-૦-૦
૭ શ્રી જૈન મેઘદૂતમ્ રૂા. ૨-૦-૦

---

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ.
૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર
૩ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૪ શ્રી બૃહતકલ્પ ત્રીજો ભાગ

---

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૩ ના આસો માસ સુધી શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ.

પૂજ્યપાદ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ શતાબ્દિના સ્મરણાર્થે આ ગ્રંથના પ્રકાશનમાં અનેક જૈન, જૈનેતર ને પાશ્ચિમાત્ય વિદ્વાનોના વિદ્વત્તાપૂર્ણ લેખો આપી આ ગ્રંથને અપૂર્વ બનાવ્યો છે, તેમજ છપાઇ, ફોટાઓ, બાઈંડીંગ વગેરે કાર્ય–ગ્રંથની સુંદરતામાં વધારો કરે છે. આ ગ્રંથના વિષયો ચાર વિભાગમાં વહેંચાયેલ છે.

| | |
|---|---|
| ૧ ઈંગ્લીશ લેખો ૩૫ | પૃષ્ઠ ૧૯૦ |
| ૨ હિંદી લેખો ૪૦ | પૃષ્ઠ ૨૧૭ |
| ૩ ગુજરાતી શ્રી આત્મારામજી મહારાજ વિષયક લેખો ૨૬ | પૃષ્ઠ ૧૪૪ |
| ૪ ગુજરાતી ઈતર વિષયક લેખો ૩૨ | પૃષ્ઠ ૧૬૦ |

મુનિમહારાજો, વિદ્વાનો, લેખકો અને ઐતિહાસિક સ્થળોના **આશરે દોઢસો ફોટાઓ** સુંદર આર્ટ પેપર ઉપર આવેલ છે; છતાં પ્રચાર અર્થે, મુદ્દલ કરતાં ઓછી કીંમત રૂા. ૨–૮–૦ રાખેલ છે. એક ગ્રંથનું વજન આશરે પાંચ રતલ હોવાથી બનતાં સુધી રેલ્વે પારસલદ્વારા જ મંગાવવા કૃપા કરવી.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાંઇ-ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખ-વામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only